**કાર્યપાલક ઈજનેર–બી**

**સુરત મહાનગરપાલિકા,**
**સાઉથ ઝોન–બી(કનકપુર),**
સ્વામી નારાયણ મંદિરની બાજુમાં,
ગુજરાત હાઉસીંગ બોર્ડ, કનકપુર,
સુરત

**–: સંમતિપત્રક :–**

**નં.સા.ઝોન /ટેક/ ૨૩૬૧**
**તા. ૧૩ /૦૮/૨૦૨૪**

**પ્રતિ,**
........................
........................
........................
........................

**વિષયઃ–** સાઉથ ઝોન–બી (કનકપુર) વિસ્તારમાં હાઉસીંગ વિભાગના વિવિધ પ્રોજેકટો જેવા કે આંગણવાડીઓ, વોર્ડ ઓફિસ, કોમ્યુનીટી હોલ વિગેરે બનાવવાના કામોએ સોંઈલ ઈન્વેસ્ટીગેશન કરવાના કામ બાબત.

**મહાશય,**

સાઉથ ઝોન–બી (કનકપુર) વિસ્તારમાં હાઉસીંગ વિભાગના વિવિધ પ્રોજેકટો જેવા કે આંગણવાડીઓ, વોર્ડ ઓફિસ, કોમ્યુનીટી હોલ વિગેરે બનાવવાના કામોએ સોંઈલ ઈન્વેસ્ટીગેશન કરવાના કામે **સ્થાયી સમિતિ ઠરાવ નં.૨૯૪/૨૦૦૫, તા.૨૪/૦૨/૨૦૦૫થી મંજુર ભાવે અને શરતોને** આધિન રકમ રૂ.૫,૦૦,૦૦૦.૦૦ પૈ.ની ખર્ચ મર્યાદામાં ઉકત વિષય મુજબની કામગીરી કરવા સંમત હોય, તો રૂ.૫,૦૦૦/– ની બાનાની રકમના ‘કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા’ નામનો ડિમાન્ડ ડ્રાફટ સહિતનું સંમતિપત્ર, સમાન પ્રકારના કામના અનુભવના પ્રમાણપત્ર, સંસ્થાનું રજીસ્ટ્રેશન તેમજ નીચે દર્શાવેલ શરતો મુજબની વિગેરે સહિતની આપશ્રીની લેખિત સંમતિ **તા. ૨૧/૦૮/૨૦૨૪** સુધીમાં **સાઉથ ઝોન–બી (કનકપુર), સ્વામીનારાયણ મંદિરની બાજુમાં ગુ.હા.બોર્ડ સી.ઓ.પી. નં.૦૫ પૈકી, કનકપુર, સુરતની કચેરીએ** મોકલી આપવા વિનંતી.

**–: શરતો :–**

(૧) અર્નેસ્ટમની ડીપોઝીટ રકમ ‘કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા’ નામનો સુરતની શીડયુલ બેંકના ડિમાન્ડ ડ્રાફટ/પે ઓર્ડરથી સંમતિપત્રક સાથે રૂ.૫,૦૦૦/– ની આપવાની રહેશે.
(૨) ઈજારદારે પૂર્ણ કરેલ સમાન પ્રકારના કામના અનુભવના સર્ટીફિકેટ (ફોર્મ ૩–એ)ની પ્રમાણિત નકલ અથવા પ્રગતિ હેઠળના સમાન પ્રકારના કામના વર્ક ઓર્ડરની પ્રમાણિત નકલ ભાવપત્રક સાથે આપવાની રહેશે.
(૩) ઈજારદાર જી.એસ.ટી. રજીસ્ટ્રેશન સર્ટીફીકેટની પ્રમાણિત નકલ ભાવપત્રક સાથે આપવાની રહેશે.
(૪) ઈજારદારે પાનકાર્ડ રજુ કરવાનું રહેશે.
(૫) કોઈ પણ અથવા બધા જ સંમતિ રદ કરવાનો અધિકાર સુરત મહાનગરપાલિકાને અબાધિત રહેશે તે અંગે કોઈ પણ કારણો આપવામાં આવશે નહિ.
(૬) તમામ પ્રકારના વેરા ઈજારદારે ભોગવાના રહેશે.
(૭) તમામ સરકારી/અર્ધસરકારી લાગુ પડતા કાયદાનું ઈજારદારે પાલન કરવાનું રહેશે.
(૮) કામગીરી દરમ્યાન ઈલેકટ્રીક, પાણી વિગેરેની વ્યવસ્થા આપના તરફથી કરવાની રહેશે.

**sd/-**
કાર્યપાલક ઈજનેર
સાઉથ ઝોન–બી (કનકપુર)
સુરત મહાનગરપાલિકા